



# સીલુડી ગામે પૂર, બે ફળિયાં બેટ બન્યાં

**86 ઘરમાં** પાણી ભરાયા, તંત્ર દ્વારા 150 અસરગ્રસ્તનું સ્થળાંતર

ભરૂચ: શુક્રવારે બપોરે ૨થી ૪ વાગ્યાના માત્ર બે કલાકમાં ખાબકેલા મુશળધાર વરસાદે વાલિયા તાલુકાના સીલુડી ગામને તહસનહસ કરી મૂક્યું હતું. ગામની આસપાસ કોઈ નદી ન હોવા છતાં, ઉપરવાસના વટારિયા ગામની સીમનું પાણી કોતરો મારફતે ગામમાં ધસી આવ્યું હતું. આ સાથે નજીકનો ચેકડેમ ઓવરફ્લો થતાં અને સરદાર તળાવની નાનકડી કેનાલમાં ધોવાણ થતાં, ત્રણેય તરફથી પાણીનો પ્રવાહ સીલુડીમાં ઘૂસી ગયો હતો. પરિણામે ગામના ઇન્દિરા આવાસ અને મોટા ફળિયા સંપૂર્ણપણે બેટમાં ફેરવાઈ ગયા હતા.

આ આકસ્મિક પૂરે ગામમાં ભારે તારાજી સર્જી હતી. પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં ૮૬ પરિવારની ઘરવખરીનો સામાન ધોવાઈ ગયો હતો, જ્યારે પાણીના પ્રચંડ પ્રવાહને કારણે ત્રણ મકાનોની દીવાલો ધરાશાયી થઈ ગઈ હતી. જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગામના ઇતિહાસમાં આવી પૂરની સ્થિતિ ક્યારેય જોવા મળી નથી.

ઘટનાની જાણ થતાં જ તલાટી-કમ-મંત્રી હાર્દિક વસાવાએ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી શરૂ કરી હતી. અસરગ્રસ્તોને સીલુડી પ્રાથમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો હતો, જ્યાં તંત્ર દ્વારા ૧૫૦ લોકોને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું.

રાહતની વાત એ રહી કે ત્રણ કલાકમાં પાણી ઓસરી ગયા હતા. ત્યારબાદ જિલ્લા પ્લાનિંગ ઓફિસર, વાલિયા મામલતદાર કામદાર અને અજય તરપડા સહિતના ઉચ્ચ અધિકારીઓએ ગામની મુલાકાત લઈ નુકસાનીનો પ્રાથમિક સરવે હાથ ધર્યો હતો. તંત્ર દ્વારા ટૂંક સમયમાં વિસ્તૃત અહેવાલ તૈયાર કરી અસરગ્રસ્તોને રાહત સત્વરે સહાય ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

વર્ષ-1994માં વાલિયા તાલુકામાંથી પસાર થતી ત્રણેય નદીઓમાં ઘોડાપૂર આવતાં આ દૃશ્યો જોનારા માટે જીવંત છે. પહેલીવાર નદી કાંઠાનાં ગામોમાં ઘરોમાં પાણી ભરાયા હતા. બે ફળિયાં સંપૂર્ણપણે બેટ બની ગયા હતા.

## અંકલેશ્વરના નોગામા ગામે અમરાવતી નદીમાં મૃત માછલાં મળી આવ્યાં


સુરેશ ગાંધી

**અંકલેશ્વર: અંકલેશ્વરના નોગામા ગામ પાસે આવેલી અમરાવતી નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવ્યું હોવાની આશંકા વચ્ચે મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં મળી આવી છે. ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ચોમાસામાં આ પ્રકારે ઘણી વખત ચોમાસામાં માછલી મૃત હાલતમાં નદીમાં તરતી જોવા મળતાં સ્થાનિકોએ પર્યાવરણ પ્રદૂષણ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે જો ખરેખર ઔદ્યોગિક કેમિકલના કારણે આ ઘટના બની હોય, તો તેની તાત્કાલિક તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ પાણીના નમૂનાઓ લઈ વૈજ્ઞાનિક તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી છે. હાલ માછલીઓના મોતનું ચોક્કસ કારણ સત્તાવાર રીતે જાહેર થયું નથી. તંત્ર દ્વારા તપાસ બાદ જ સાચું કારણ સ્પષ્ટ થશે.**

## ગડખોલ પાટિયા ઓવરબ્રિજ નીચે સર્વિસ રોડ બેસતાં વાહનચાલકો હેરાન

અંકલેશ્વર: અંકલેશ્વરમાં ગત રોજ પડેલા પોણા ત્રણ ઈંચ વરસાદ બાદ ગડખોલ પાટિયા ઓવરબ્રિજ નીચે ભરૂચ તરફ જતાં સર્વિસ રોડનો અંદાજે બે ફૂટ જેટલો ભાગ બેસી જતાં વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. રોડ બેસી જવાના કારણે અહીં વધુ મોટો ખાડો પડી જવાની પણ ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રથમ જ વરસાદમાં સર્વિસ રોડનો એક ભાગ બેસી જતા રોજિંદા અવરજવર કરતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અકસ્માતની સંભાવના ઊભી થતા જાગૃત નાગરિકોએ વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખી સ્થળ પર આડશ મૂકી ચેતવણીરૂપ વ્યવસ્થા કરી છે.

## ભરૂચમાં મેઘરાજા ધીમા પડ્યા

ભરૂચ: શુક્રવારે ભરૂચ જિલ્લામાં ધબધબાટી બોલાવ્યા બાદ શનિવારે વરસાદ સાવ સામાન્ય થઈ ગયો છે. અનેક સોસાયટી અને રોડ પર ભરાયેલું પાણી ઊતરવા લાગ્યું છે, જેનાથી જનજીવનને થોડી રાહત મળી છે. ભરૂચ જિલ્લામાં જંબુસરમાં 2 મીમી, આમોદમાં 1 મીમી, અંકલેશ્વરમાં 2 મીમી, હાંસોટમાં 7 મીમી, વાલિયામાં 2 મીમી, નેત્રંગમાં 5 મીમી વરસાદ નોંધાયો હતો. સૌથી ઉગ્ર મુદ્દો અંકલેશ્વર-હાંસોટ રોડ પર આમલાખાડી નજીકના ડાઈવર્ઝનનો છે. બે મહિનાથી આ વિસ્તારમાં અગમચેતી આપવા છતાં NHAIએ કોઈ કાર્યવાહી ન કરી, પરિણામે શુક્રવારે રોડ બંધ કરીને ડાઈવર્ઝન આખરે ધોવાઈ ગયું છે. આજે પણ NHAI કે વહીવટી તંત્ર તરફથી કોઈ યોગ્ય પગલું ન લેવાતાં વાહનચાલકો અને રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક ડ્રેનેજ સફાઈ અને રોડ પુન: ખોલવાની માંગ કરી છે, પણ તંત્રે આ બાબતે હજુ પણ મૌન સેવ્યું છે

## અંકલેશ્વરના સ્વર્ણિમ લેકવ્યુ પાર્કની વધુ એક દીવાલ ધરાશાયી

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા સંચાલિત સ્વર્ણિમ લેકવ્યુ પાર્કમાં શનિવારે વધુ એક કમ્પાઉન્ડ દીવાલ ધરાશાયી થતાં ચકચાર મચી ગઈ છે. વરસાદ બાદ સતત બીજી વખત દીવાલ તૂટવાની આ ઘટનાથી પાર્કના બાંધકામની ગુણવત્તા અને જાળવણી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રોજ મોટી સંખ્યામાં આવતા મુલાકાતીઓ અને બાળકોની સુરક્ષાને ધ્યાને રાખી સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. અગાઉની ઘટના બાદ પણ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાયાં હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. સ્થાનિકોએ નગરપાલિકા પાસે માત્ર સમારકામ કરવાને બદલે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવા, સમગ્ર પાર્કનું તકનિકી ઓડિટ (ટેકનિકલ ઓડિટ) કરાવવા અને માળખાકીય સ્ટેબિલિટી રિપોર્ટ જાહેર કરવાની ઉગ્ર માંગ કરી છે.

## જીતાલીમાં લોકોએ પાણી ઉલેચવામાં આખી રાત વિતાવી


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી ગામમાં ધોધમાર વરસાદને પગલે અનેક સોસાયટીઓ જળબંબોળ થઈ ગઈ છે. ખાસ કરીને અશરફ પાર્ક સોસાયટીના મકાનોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યું છે અને સ્થાનિકોને રાતભર પાણી કાઢવાની ફરજ પડી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ રોયલ રેસિડેન્સી વિસ્તારમાંથી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી બધું પાણી અશરફ પાર્કમાં આવી ગયું હતું. આ ઉપરાંત જીતાલીથી દઢાલને જોડતા મુખ્ય માર્ગને ઊંચો કરાયો છે, પરંતુ પૂરતી ડ્રેનેજ લાઈન બનાવવામાં આવી નથી. પરિણામે દર વર્ષે ચોમાસામાં અહીં પૂર જેવી સ્થિતિ સર્જાય છે. તંત્રની આ બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓએ માંગ કરી છે કે ભવિષ્યમાં આવી હાલાકી ન ભોગવવી પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે તાકીદે અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

## અંકલેશ્વર નગરપાલિકાએ વિવિધ વિસ્તારોમાં સફાઈ હાથ ધરી

અંકલેશ્વર: અંકલેશ્વર-ભરૂચ જિલ્લામાં તાજેતરમાં થયેલા વરસાદના પગલે ચોમાસા દરમિયાન ફેલાતા રોગચાળાને અટકાવવા માટે જિલ્લા સમાહર્તાના માર્ગદર્શન માર્ગદર્શન હેઠળ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા આરોગ્ય અને સફાઈ વિભાગની જુદી-જુદી વિશેષ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. આ ટીમો દ્વારા નગરના નીચાણવાળા અને વરસાદથી પ્રભાવિત થયેલા વિવિધ રહેણાક તેમજ જાહેર વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સફાઈ અભિયાન શરૂ કરાયું છે. જ્યાં વરસાદી પાણી ભરાયા હોય ત્યાંથી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા, માર્ગો પર જમા થયેલા કાદવ-કચરાનો ત્વરિત નિકાલ અને ઠેર ઠેર સાફસફાઈ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, મચ્છરોનો ઉપદ્રવ અને રોગચાળો ન ફેલાય તે માટે પાલિકાની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં જંતુનાશક દવાઓ (મેલેથિયોન પાઉડર)નો છંટકાવ કામગીરી પણ રીતે હાથ ધરવામાં આવી છે.


સુરેશ ગાંધી

# પીપોદરામાં એક મહિનાથી અપહ્યત કિશોરનો પત્તો નથી

**ચારેકોર** શોધવા છતાં પુત્રનો પત્તો નહીં મળતાં બિહારનો પરિવાર લાચાર બન્યો

હથોડા: માંગરોળના પીપોદરા દાળ મિલ વિસ્તારમાંથી એક મહિના અગાઉ એક સગીર વયના પુત્રનું અપહરણ થયું હતું. આ અંગે પાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાયાને આઠ દિવસ વીતી ગયા હોવા છતાં, હજી સુધી પુત્રનો કોઈ પત્તો ન લાગતાં મૂળ બિહારનો શ્રમિક પરિવાર લાચાર બનીને પુત્રની શોધમાં ચારેકોર ભટકી રહ્યો છે.

ઘટનાની વિગત મુજબ મૂળ બિહારના વતની અને હાલ પીપોદરા દાળ મિલ પાસે ભાડાના મકાનમાં રહેતા સુખલ વૈજનાથ મહતો 'આર.વી.કે. ઓલ સ્ક્રેપ'ના ગોડાઉનમાં મજૂરીકામ કરે છે. ગત ૧૬ મે-૨૦૨૬ના રોજ સુખલભાઈ વતન બિહાર ગયા હતા, ત્યારે તેમનો સગીર પુત્ર ગોડાઉન પર મજૂરીએ જતો હતો. ગત ૨૬ મેના રોજ આ સગીર ગોડાઉનના માલિક પાસેથી ૩,૦૦૦ રોકડા લઈને રૂમ પર ગયો હતો. બાદ ૨૭ મેથી તે રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો હતો. ગોડાઉન માલિકે ફોન દ્વારા પિતાને જાણ કરતા ચિંતાતુર પિતા તુરંત જ બિહારથી પીપોદરા દોડી આવ્યા હતા. સગા-સંબંધીઓમાં વ્યાપક શોધખોળ છતાં પુત્ર ન મળતાં આખરે ગત ૧૨ જૂન-૨૦૨૬ના રોજ પાલોદ પોલીસ મથકે પુત્રના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. એક મહિનાથી વહાલસોયા પુત્રની કોઈ ભાળ ન મળતાં પરિવાર ભાંગી પડ્યો છે અને પોલીસ આ મામલે ઝડપી તપાસ કરી પુત્રને શોધી આપે તેવી આજીજી કરી રહ્યો છે.

## ભાવનગરથી વોન્ટેડ બુટલેગર પકડાયો

પલસાણા: સુરત ગ્રામ્યની પલસાણા પોલીસે કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના કેસમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી નાગજીભાઇ સામજીભાઇ મકવાણાને ભાવનગરના બોરડી ગામ ખાતેથી ઝડપી પાડ્યો છે. પોલીસે તેના નિવાસ સ્થાનેથી ધરપકડ કરી આગળની તપાસ આદરી છે.

# સોનગઢના ચકવાણ ગામે બોગસ ડોક્ટર ઝડપાયો

**57 હજારથી** વધુની એલોપેથિક દવાઓનો જથ્થો જપ્ત

સોનગઢ: સોનગઢ અને ઉકાઈ તાલુકામાં આદિવાસીઓને તગડી ફી વસૂલી બાટલા સહિત દવાઓ પધરાવી લોકોના આરોગ્ય સાથે ખિલવાડ કરતાં બોગસ ડોક્ટરો વિરુદ્ધ જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ બાદ તાપી એસ. ઓ.જી. પોલીસ અને જિલ્લા આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી હતી. જેમાં તાપી એસઓજીએ એક નકલી તબીબને ઝડપી પાડ્યો હતો.

તાપી એસ.ઓ.જી.ને બાતમી મળી હતી કે, ચકવાણ ગામના બસ સ્ટેન્ડ નજીક એક વ્યક્તિ કોઈપણ યોગ્ય ડિગ્રી કે પ્રમાણપત્ર વગર ગેરકાયદે રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસ અને તબીબી અધિકારીની ટીમે સ્થળ પર રેડ કરી હતી. તપાસ દરમિયાન મનીષભાઈ પ્રકાશભાઈ સોનવણે નામના વ્યક્તિને ઝડપી પાડવામાં આવ્યો હતો,



જે 'બેચલર ઓફ હોમિયોપેથિક મેડિસીન એન્ડ સર્જરી'ની ડિગ્રી ધરાવતા હોવા છતાં એલોપેથિક દવાઓનો ઉપયોગ કરી ક્લિનિક ચલાવતા હતા. તેમની પાસેથી રૂ.57,085ની કિંમતનો એલોપેથિક દવાઓનો જથ્થો અને અન્ય મેડિકલ સામાન મળી આવ્યો હતો.

પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી મનીષભાઈ સોનવણે વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક બોગસ ડોક્ટર ચકવાણથી ઝડપાઈ જતાં અન્ય બોગસ ડોક્ટર ભૂગર્ભમાં ઉકાઈ અને સોનગઢ તાલુકામાં પોતાની દુકાન ખોલી બેસેલા બોગસ ડોક્ટરની તપાસ જરૂર છે.

# સરભોણમાં તળાવના આડેધડ ખોદકામે ખેડૂતોની મુશ્કેલી વધારી

**કાની** રોડ પર ખેતરે જવાનો રસ્તો ધોવાયો, પગપાળા ચાલવું પણ મુશ્કેલ



બારડોલી: બારડોલીના સરભોણ ગામે તળાવના નિયમ વિરુદ્ધ અને આડેધડ ખોદકામને કારણે સ્થાનિક ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સરભોણ ગામના કાની રોડ પર આવેલા ખેતરોમાં જવાનો મુખ્ય રસ્તો તદ્દન ધોવાઈ ગયો છે, જેને પગલે ચોમાસાની સિઝનમાં ખેતીકામ માટે જતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ ગત ઉનાળા દરમિયાન આ વિસ્તારમાં આવેલા તળાવનું વહીવટી તંત્ર કે કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરવામાં આવ્યું હતું. તળાવમાંથી નિયમ કરતાં વધુ પ્રમાણમાં માટીનું ખનન કરી લેવાયું હતું. એટલું જ નહીં, ખોદકામ કરતી વખતે આજુબાજુના રસ્તાઓ માટે રાખવામાં આવતું જરૂરી માર્જિન પણ છોડવામાં આવ્યું ન હતું. ખેતરો અને રસ્તાઓની છેક લગોલગ સુધી ઊંડું ખોદકામ કરી દેવામાં આવતા ઉનાળાના સમયમાં જ રસ્તો ધસી પડવાની શરૂઆત થઈ ગઈ હતી.

હાલ ચોમાસાની શરૂઆત થતાં જ પંથકમાં પડેલા ભારે વરસાદને કારણે આ સ્થિતિ વધુ વણસી છે. વરસાદી પાણીના પ્રવાહને લીધે રસ્તો મોટો ભાગે ધોવાઈ ગયો છે અને જમીન ધસી પડી છે. પરિણામે, ખેડૂતો માટે હવે વાહનો કે ટ્રેક્ટર લઈને ખેતર સુધી પહોંચવું તો દૂર, પગપાળા જવું પણ અત્યંત જોખમી અને મુશ્કેલ બની ગયું છે. આ બેદરકારીને કારણે ખેડૂતોનો કિંમતી પાક અને સીઝન નિષ્ફળ જવાનો ભય સતાવી રહ્યો છે. આ રસ્તાનું તાત્કાલિક ધોરણે સમારકામ જરૂરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## ધોરણ પારડી નજીક નાળા પરથી ટેમ્પો પલટી મારતાં એકનું મોત


વિશાલ પટેલ

કામરેજ: સુરતના અશ્વિનીકુમાર રોડ પર સૌરાષ્ટ્ર સોસાયટીમાં બી-17 વિભાગ-2માં રહેતા ગંગાદાસ મનજીભાઈ ગજેરા (ઉ.વ.૬૮) તેમના મિત્રો સાથે ટેમ્પો નં.(GJ-18-AU-4488)માં કામરેજના ધોરણપારડી સ્થિત ગાયપગલા ગૌશાળામાં સેવા આપવા ગયા હતા. ત્યાંથી પરત ફરી તેઓ પુરણ વૃદ્ધાશ્રમ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ગરનાળા પર ડ્રાઈવર મનીષ રાખોલીયાએ કાબુ ગુમાવતાં ટેમ્પો પલટી મારી નાળામાં ખાબક્યો હતો. આ ગંભીર અકસ્માતમાં ટેમ્પામાં સવાર અન્ય મિત્રો જયંતી ગજેરા, દામજી જીયાણી, શંકર જોષી, સુભાષ અકબરી, પ્રકાશ સરધાર, મહેશ નારિયાને નાની-મોટી ઈજાઓ થઈ હતી, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ગંગાદાસભાઈને સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

## અંકલેશ્વર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ટ્રાફિક જામ


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર પીલુદરા ગામ નજીક તંત્ર અને કોન્ટ્રાકટરની ગંભીર બેદરકારી સામે આવી છે. પૂર્વ સૂચના કે ટ્રાફિક ડાયવર્ઝનના આયોજન વિના જ અચાનક હાઈટેન્શન વીજલાઈનનું કામ શરૂ કરાતાં માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સુરત, વડોદરા અને નવસારી તરફ જતા હજારો વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા. ચોમાસા બાદ રસ્તા પર પડેલા ખાડાઓથી પરેશાન મુસાફરોની હાલાકીમાં આ ઘટનાએ વધુ વધારો કર્યો હતો. કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી રોષે ભરાયેલા વાહનચાલકો અને કોન્ટ્રાક્ટર વચ્ચે ઉગ્ર બોલાચાલીનાં દૃશ્યો પણ સર્જાયાં હતાં. કરોડો રૂપિયાનો ટોલ વસૂલતી એજન્સી અને જવાબદાર તંત્ર સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે, અને ભવિષ્યમાં આવા આયોજન વિનાના કામો ન થાય તેવી માંગ ઊઠી છે.

## ધામણોદમાં માહ્યાવંશી સમાજની સભા મળી



હથોડા: હથોડા નજીક ધામણોદ ખાતે માંગરોળ તાલુકા સમાજની વાર્ષિક સામાન્ય સભા મહામંત્રી એડ્વોકેટ દિલિપભાઈ પરમારની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સભામાં ગત વર્ષનાં કાર્યોની સમીક્ષા કરી વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા. આ પ્રસંગે સર્વાનુમતે કુંવારદાના હેમંતકુમાર જયરામભાઈ પટેલની નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી, જેને હાજર રહેલા સૌ સમાજજનોએ હર્ષભેર વધાવી લીધી હતી.

## પલસાણામાં ગેરકાયદે તમંચા સાથે બે ઝડપાયા

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે તાંતીથૈયા વિસ્તારમાંથી ૧૦,૦૦૦ની કિંમતના દેશી હાથ બનાવટના તમંચા સાથે કરણ શર્મા નામના યુવક અને એક સગીરને ઝડપી પાડ્યા છે. પોલીસે ગુનામાં વપરાયેલી મોપેડ નં.(GJ-19-BQ-9142)સહિત કુલ ૬૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, બંને આરોપીને આગળની કાર્યવાહી માટે કડોદરા GIDC પોલીસ મથકે સુપરત કર્યા છે.

## પલસાણામાં ગાંજાનો આરોપી ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસે NDPS (ગાંજા) ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી કૃષ્ણકુમાર ઉર્ફે મામા વર્માને બાતમીના આધારે સંતોષ હોટલ નજીકથી ઝડપી પાડ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશનો ૩૭ વર્ષીય આરોપી અહીં મજૂરી કરતો હતો. પોલીસે તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## સણધરાથી અજાણી મહિલાની લાશ મળી

વાંકલ: માંગરોળના સણધરામાં આવેલા ડુંગર પરના જંગલમાંથી આશરે ૩૫થી ૪૦ વર્ષની એક અજાણી મહિલાની ઝાડ સાથે સાડી વડે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. લાશ અતિશય ડી-કમ્પોઝ (કોહવાયેલી) હાલતમાં હોવાથી ઝંખવાવ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેના વાલીવારસોની શોધખોળ હાથ ધરી છે.

## કામરેજની રામકબીર શાળાની દીકરીઓનો SSCની પૂરક પરીક્ષામાં A1 ગ્રેડ



કામરેજ: કામરેજ ચાર રસ્તા ખાતે ભારતીય વિદ્યા મંડળ સંચાલિત રામકબીર હાઇસ્કૂલની બે દીકરીઓ ફેબ્રુઆરી -માર્ચ-2026ના પરિણામથી અસંતુષ્ટ થઇ હતી. ગુજરાત સરકાર ની બેસ્ટ ઓફ ટુની ખુબ જ પ્રશંસનીય નિતીને પરિણામે તેમણે જુન -2026 માં ફરી પરીક્ષા આપી હતી. પ્રથમ દીકરી કંથારીયા કાવ્યા નરેશભાઈ એ 600 માંથી 530 ગુણ મેળવ્યા હતા. જ્યારે બીજા પ્રયત્નમાં 600માંથી 551 ગુણ મેળવી A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. બીજી દીકરી કણેત ગોપી વિનોદભાઈએ 600માંથી 539 ગુણ મેળવ્યા હતા. જ્યારે બીજા પ્રયત્નમાં 600માંથી 553 ગુણ મેળવી A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં મુલતાની શકીલા યાસીનભાઇએ પ્રથમ પ્રયત્નમાં 650 માંથી 540 જ્યારે બીજા પ્રયત્નમાં 650માંથી 592 ગુણ મેળવ્યા છે. પૂરક પરીક્ષામાં ખૂબ જ ઉત્કૃષ્ટ પરિણામ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઇ ભક્ત,માનદ મંત્રી પરેશ ભક્ત, ખજાનચી જીજ્ઞેશ ભક્તે તેમજ શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, મા.વિ.ના નિરીક્ષક કમલેશ પટેલ, ઉ.મા.વિ.ના નિરીક્ષક કેતન દેસાઈ, રામકબીર શાળા પરિવારના તમામ શિક્ષક મિત્રોને તેમજ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીમિત્રોને તેમજ વાલી મિત્રોને રામકબીર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## નિયોલ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ


ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણામાં નિયોલ પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ડિજિટલ EVM મશીન દ્વારા બાળસંસદની ચૂંટણી યોજાઈ હતી. લોકશાહી મૂલ્યો અને નેતૃત્વના વિકાસ માટે યોજાયેલા આ મતદાનમાં કુલ 200માંથી 144 મતદારોએ ભાગ લીધો હતો. ચૂંટણી પરિણામોમાં છોકરાઓના જી.એસ. પદ પર હિતેશ ચૌહાણ 73 મત મેળવી અને છોકરીઓના એલ.આર. પદ પર માનસી પરમાર 58 મત મેળવી વિજેતા બન્યાં હતાં. શાળા પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિજય સરઘસ કાઢ્યું હતું.